# સિવિલના કોરોના વોરીયર અલ્પેશ પરમારનું દુઃખદ અવસાન

**હોસ્પિટલમાં છેલ્લા ૧૦ વર્ષમાં વિવિધ વોર્ડમાં નોકરી કરી ચુકેલ અલ્પેશ કોરોના ફીવર ઓપીડીમાં ફરજ બજાવતા હતા, સિવિલના સ્ટાફ મિત્રોમાં શોકનુ મોજુ**

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર હોસ્પિટલમાં કોરોના ફીવર ઓપીડીમાં કામ કરતા સ્ટાફ બ્રધરનું અચાનક મૃત્યું નિપજયું હતું. નોકરી પુરી કરીને પાર્કિંગમાં પાર્ક કરેલી કારમાં બેસતા જ અલ્પેશ પરમારે છેલ્લા શ્વાસ લીધા હતા. પરંતુ નિયમોનુસાર ફરજ દરમિયાન મૃત્યુ નિપજતા તેનું પીએમ કરાવવુ ફરજીયાત હતું. આ બ્રધર કોરોના ડ્યુટી બજાવતા હોવાથી તેમના કોવિડ ટેસ્ટ કરાવવા જરુરી હતા. મૃતક યુવકના સેમ્પલ લઈને તેનો રેપીડ એન્ટીજન ટેસ્ટ કરાવતા તે કોવીડ પોઝીટીવ આવ્યો હતો. જયારે આરટીપીસીઆરનું પરિક્ષણ કરતા તે પણ પોઝીટીવ આવ્યો હતો. જેને પગલે મૃતક યુવાનનું પીએમ કરવામાં આવ્યુ ન હતું. અને મૃતદેહ પરિવારજનોને પણ સોંપવામાં આવ્યો ન હતો. સેકટર-૩૦ અંતિમધામ ખાતે કોવીડ ગાઈડ લાઈન મુજબ બ્રધરના અંતિમ સંસ્કાર કરાયા હતા.




ઉલ્લેખનીય છે કે મુળ સાબરકાંઠાના વતની અલ્પેશ પરમાર છેલ્લા ૧૦ વર્ષથી ગાંધીનગર સિવિલમાં બ્રધર તરીકે સેવા બજાવતા હતા. અલ્પેશ મહેનતુ, હસમુખો, સરળ સ્વભાવનો અને કામમાં મહેનતુ હોવાથી નર્સિંગ સ્ટાફમાં પણ આગવુ સ્થાન ધરાવતો હતો. કોરોનાની મહામારીમાં પણ કલ્પેશે પોતાની ફરજ નિષ્ઠાથી બજાવી પોતાનું યોગદાન આપ્યું હતું. જયારે ગાંધીનગર સિવિલમાં ટીબી ચેસ્ટ, સર્જીકલ, તાત્કાલીક વિભાગ સહિતના વોર્ડમાં ફરજ બજાવી છે. ૩૪ વર્ષિય અલ્પેશના અચાનક અવસાન થતા તેમની પાછળ તેઓ પોતાના માતા-પિતા, પત્નિ સાથે ચાર વર્ષના પુત્ર સહિત ભાઈ બહેનને કલ્પાંત કરતા મુકી ગયા છે. હોસ્પિટલના પીએમ રૂમ પાસે નર્સિંગ સ્ટાફ સહિત હોસ્પિટલના કર્મચારીઓ તેમજ પરિવારજનો મોટીસંખ્યામાં ઉમટી પડ્યા હતા. હોસ્પિટલ ખાતે હાજર સૌ કોઈ મૃતક યુવાન સાથેના સ્મરણો વાગોળતા દરેકની આંખ ભીની બની હતી. સદ્‌ગતના આત્માની શાંતિ માટે હોસ્પિટલના ડોકટર્સ, અધિકારીઓ, નર્સિંગ સ્ટાફના ભાઈ બહેનો અને કર્મચારીઓએ બે મિનિટનું મૌન પાડી શ્રધ્ધાંજલી આપી હતી

# સેક્ટર-૪માં પાણીના પોકાર હજુ પણ યથાવત

**■ સે. ૪-એ માં પાણી ધીમા ફોર્સથી ડહોળુ આવવાની ફરિયાદ તો સે. ૪-ડીમાં પાણીની અસમાન વહેંચણીની બૂમ ■**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરના સેક્ટર-૪ માં પીવાના પાણી બાબતે હજુ પણ કકળાટની સ્થિતિ જોવા મળી રહી છે. એક તરફ સેક્ટર-૪-ડી માં પાણીની અનિયમિત વહેંચણી બાબતે ફરિયાદો ઉઠી રહી છે ત્યારે બીજી તરફ સેક્ટર-૪-એ માં પાણી ખૂબ જ ઓછા ફોર્સ સાથે ડહોળુ પાણી આવવાની સમસ્યા સર્જાઈ છે. આ સંદર્ભે સ્થાનિક કોર્પોરેટર પાયલબેન મેણાત દ્વારા પા.યો.વિ.ને લેખિત રજૂઆત પણ કરવામાં આવી છે.



સેક્ટર-૪-એ માં લાંબા સમયથી પાણીનો ફોર્સ ઓછો આવતો હોવાની રાવ છે તેમાં હવે પાણી ડહોળું આવતા વસાહતીઓની મુશ્કેલીમાં વધારો થયો છે. બીજી તરફ સેક્ટર-૪-ડી માં કેટલાંક વિસ્તારમાં પાણી ધીમા ફોર્સથી મળતું હોવાને કારણે પાણીની અસમાન વહેંચણીની ફરિયાદ ઉઠી રહી છે જેથી કંટ્રોલ વાલ્વ થકી પાણીની સપ્રમાણ વહેંચણી થાય તેવી વ્યવસ્થા ગોઠવવા માંગ ઉઠી રહી છે. ઉલ્લેખનીય છે કે સેક્ટર-૪ માં ટ્યુબવેલ ફેઈલ થતાં નવો ટ્યુબવેલ બનાવવામાં આવી રહ્યો છે પરંતુ તે કાર્યરત થાય ત્યારે આ સ્થિતિ ના સર્જાય તે જોવું જરૂરી બન્યુ છે. હાલ તો વસાહતીઓને અન્ડરગ્રાઉન્ડ ટાંકીમાં પણ પુરતો ફોર્સ ના મળતાં બગીચાના નળથી પાણી ભરવું પડી રહ્યું છે.

# ખૂણેખાંચરેથી

- ગુજરાત યોગ બોર્ડ દ્વારા આજે અડાલજ ખાતે યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.
- ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કેસો સતત એક સપ્તાહથી ૧૦ થી નીચે નોંધાતા તંત્રએ રાહત અનુભવી છે.
- સચિવાલયમાં બજેટ સત્રને લઈ તડામાર તૈયારીઓ ચાલી રહી છે. બજેટને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે હવે રાજ્યપાલશ્રીના સંબોધનના મુછદ્દાની તૈયારીઓ હાથ ધરાઈ છે.
- સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓને લઈ મંત્રીઓ વિસ્તારોમાં વ્યસ્ત હોવાથી સચિવાલયમાં મુલાકાતીઓ પણ ઘટ્યા છે.
- નવા સચિવાલયમાં અત્યારે સૌથી વધુ મુલાકાતીઓ રાજ્ય ચૂંટણી પંચની કચેરીએ આવતાં હોવાથી કોરોનાથી બચવા ''આટલુ ના કરીએ... આટલુ વિશેષ ધ્યાન આપીએ...'' તેવા બોર્ડ સીડીમાં લગાવાયા છે.
- ગાંધીનગર શહેરમાં આજે 'ચ' રોડ પર સતત ટ્રાફિક ભારે રહ્યો હતો.
- આગામી પખવાડિયામાં શહેરમાં પાણી-ગટર વેરાના બિલોનું વિતરણ શરૂ થશે.

## બોરીજ પાસેથી વરલી મટકાનો જુગાર રમાડતો શખ્સ ઝડપાયો

ગાંધીનગર શહેર નજીક આવેલા બોરીજ જૈન દેરાસરવાળા પરામાં વરલીનો જુગાર રમાડતો શખ્સ ઝડપાયો હતો. સેકટર-૨૧ પોલીસ મથકના સ્ટાફના જવાનો પેટ્રોલીંગમા હતા તે સમયે બોરીજ ખોડીયાર માતાજી મંદિર પાસે રહેતા અશોકજી શકરાજી ઠાકોર (ઉં.૪૫), વરલીનો જુગાર રમાડતો હોવાની બાતમી મળી હતી. જેથી પોલીસે જૈન દેરાસર પાસે આવેલા ફલોર ફેકટરી આગળ ઉભા રહેલા અશોકજીને ચોપડામાં લખતા પકડી પાડ્યા હતા. પોલીસે તેમની પાસે રહેલ ફોન ચેક કરતા વોટ્સએપ મેસેજ મળી આવ્યા હતા. જેમાં અશોકજીએ વરલીના આંક લખેલી ચીઠ્ઠીના ફોટા પાડીને મોકલ્યા હતા. જે અંગે પુછતા તે પેથાપુર ખાતે રહેતા ઈકબાલ મલેક પાસે આંકડાનું કટીંગ કરાવતા હોવાનું કહ્યું હતું. જેથી પોલીસે રૂ.૪૫૦૦ ની કિંમતનો ફોન અને રૂ.૧૦,૭૩૦ રોકડા મળી કુલ રૂ.૧૫,૨૩૦ રોકડા જપ્ત કરી બંને સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# સે. ૨૧ વાસ્તુનિર્માણ સોસાયટીમાં ગટર ઉભરાવવાથી રહીશો ત્રસ્ત

ગાંધીનગર, તા. ૨૮

શહેરમાં વાર તહેવારે ગટરલાઈન વિશેના પ્રશ્નો ઉભા થતા રહે છે. શહેરમાં તંત્ર દ્વારા વિકાસના નામે ઈલેક્ટ્રીક પાણી, ગેસ કે ગટરલાઈન સંબંધિત ખોદકામ થતુ રહેતુ હોય છે. પરંતુ આ ખોદકામ કર્યા બાદ માટીનો યોગ્ય નીકાલ કરવો કે માટીને દાબી દેવાનું કામ થતુ નથી. આ ઉપરાંત કોમન કામ કરતા ઘરોની પાઈપલાઈન ડેમેજ થતી હોય છે. આવી જ રીતે સે. ૨૧ સ્થિત વાસ્તુનિર્માણ સોસાયટી ખાતે મેઈન લાઈનમાં ગટરનું ખોદકામ કરાયુ હતુ પરંતુ શું થયુ તે હવે તે ખોદકામ બાદ સોસાયટીના અમુક ઘરની પાઈપલાઈનમાંથી ગટર ઉભરાઈ રહી છે. છેલ્લા અઠવાડિયાથી સોસાયટીના રહીશો આ સમસ્યાનો સામનો કરી રહ્યા છે. ગટરલાઈન ઉપરાંત ઘરની બહાર ચોકડી પર કામ કરી શકાતુ નથી ઉપરાંત પીવાનું પાણી ભરવામાં પણ મુશ્કેલી પડે છે તેમ સોસાયટીની બહેનોની ફરીયાદ છે. સોસાયટીના તમામ રહેવાશીઓ છેલ્લા એક અઠવાડિયાથી આ ગટર ઉભરાવવાથી આવતા ગંદા પાણીથી કંટાળી ગયા છે. આ સમસ્યાનો તંત્ર દ્વારા જલ્દીથી ઉકેલ આવે તેવી તેમની માંગ છે.



## સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે ઓનલાઈન મહેંદી સ્પર્ધા યોજાઈ

સરકારી વિજ્ઞાન કોલેજમાં ૨૮મી જાન્યુઆરીના રોજ રંગ-કલા-કૌશલ્ય ધારા અંતર્ગત ઓનલાઈન મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં બીએસસીની ૧ થી ૩ સેમેસ્ટરની વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. સેમ-૩ ની કૃતિ પટેલ પ્રથમ ક્રમે, સેમ-૫ ની અંકિતા રાઠોડ અને સેમ.૩ ની સરલા રાઠવા દ્વિતિય ક્રમે તથા સેમ-૧ ની દિયા સુરાની તથા સેમ-૫ ની નીતિ સુથાર તૃતીય ક્રમે વિજેતા જાહેર કરવામાં આવી હતી. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ગણિતશાસ્ત્રના પ્રો. મમતાબેન અમૃતિયા અને ડૉ. બિન્નીબેન કરલીકરે સેવાઓ આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન રંગ-કલા-કૌશલ્ય ધારાના અધ્યક્ષ ડૉ. પ્રજ્ઞાબેન પ્રજાપતિ તથા વનસ્પતિશાસ્ત્રના ડૉ. રીટાબેન ચુડાસમાએ કર્યુ હતુ. વિજેતાઓને આચાર્ય ડૉ. એમ.જી. ભટ્ટે તથા સપ્તધારાના કો.ઓર્ડિનેટર ડૉ. કે.બી. પટેલ સહિત કોલેજ પરિવારે અભિનંદન આપ્યા હતા.

## નિઃશુલ્ક ગુજરાત યોગ બોર્ડ ટ્રેનીંગ કોર્સ ૧ ફેબ્રુઆરીથી શરૂ થશે

ગુજરાત યોગ બોર્ડ દ્વારા યોગ ટ્રેનર બનવાની નિઃશુલ્ક ફેબ્રુઆરી તાલીમ બેચ તા. ૧ ફેબ્રુઆરીથી શરૂ થશે. રજીસ્ટ્રેશનનો અંતિમ દિવસ ૩૦ જાન્યુઆરી છે. જેમાં ભાગ લેવા ઈચ્છુક શહેરીજનોને ગુજરાત યોગ બોર્ડ યોગ કવિ પારૂલ મહેતા દ્વારા ૯૭૧૪૦૦૪૧૯૯ પર સંપર્ક કરવા જણાવાયુ છે.

# સેક્ટર-૮ના સમર્પણ ગ્રાઉન્ડ ખાતે 'સીપીએલ' ક્રિકેટ ટૂર્નામેન્ટનો પ્રારંભ

**શહેરમાં લાંબા સમય પછી સીઝન બોલ ટૂર્નામેન્ટનું ગાંધીનગર સ્પોર્ટસ એકેડેમી દ્વારા આયોજન : તા. ૨જી ફેબ્રુઆરીથી દરરોજની બે મેચ રમાશે : કુલ ૧૮ ટીમોએ સીપીએલમાં ભાગ લીધો છે**

ગાંધીનગર, તા. ૨૮

પાટનગરના સેક્ટર-૮ માં સમર્પણ ગ્રાઉન્ડ ખાતે ગાંધીનગર સ્પોર્ટસ એકેડમી દ્વારા ક્રિકેટની ''કેપિટલ પ્રિમિયર લીગ'' યોજવામાં આવી છે જેમાં ૧૮ ટીમો ભાગ લઈ રહી છે. લાંબા સમય પછી શહેરમાં કોઈ બિન સરકારી કે એસોસિએશન સિવાયની સંસ્થા દ્વારા ગાંધીનગરમાં આયોજિત થયેલી આ સીપીએલ ટૂર્નામેન્ટનો પ્રજાસત્તાક દિને પ્રારંભ કરાયો હતો જેમાં પ્રથમ દિવસે યોજાયેલી બે મેચ પૈકી પ્રથમ મેચમાં ગાંધીનગરની ધ્યાની એસપીસીટીએ પેન્થર ઈલેવનને અને સન સ્પોર્ટસ અમદાવાદે ફિનિક્સ ઈલેવનને પરાજય આપ્યો હતો. આ પ્રસંગે સનદી અધિકારી લલિત પાડલિયા તથા આઈપીએલ ખેલાડીઓ મોહનીશ પરમાર અને ઈશ્વર ચૌધરી ઉપસ્થિત રહ્યાં હતા.

કેપિટલ પ્રિનિયર લીગ-સીપીએલના પ્રથમ દિવસે રમાયેલી પહેલી મેચમાં ધ્યાની એસપીસીટી ટીમે ૨૦ ઓવરમાં અજય વછેતાના ૬૪ રનની મદદથી પાંચ વિકેટે ૧૨૭ રન બનાવ્યા હતા જેમાં કુલદીપ શર્માએ ૨૧ રનમાં બે વિકેટ લીધી હતી. જવાબમાં પેન્થર ગાંધીનગરની ટીમે ૨૦ ઓવરમાં પવન ઈમાનદારના લડાયક ૪૪ રનની મદદથી ૧૧૪ રન સુધી પહોંચી શકી હતી. પ્રાંજલ સુતરિયાએ ૧૬ રન આપીને ૨ તથા ધગશ જાનીએ ૨૧ રન આપીને ૨ વિકેટ ખેરવી હતી અને મેચમાં ધ્યાની એસપીસીટીનો ૧૩ રને વિજય થયો હતો. બીજી મેચમાં ગાંધીનગરની ફિનિક્સ ઈલેવન સન સ્પોર્ટસ અમદાવાદની ટીમ સામે ૧૪.૨ ઓવરમાં માત્ર ૪૯ રનમાં ખખડી ગઈ હતી. જેમાં વિરેન્દ્ર સોલંકીએ ૮ રનમાં ૩ વિકેટ અને ભાવિન એન્જલે ૭ રનમાં ૨ વિકેટ ખેરવી હતી. સન સ્પોર્ટસે માત્ર પાંચ ઓવરમાં વગર વિકેટ ગુમાવે સની પટેલના ૨૫ રન અને જેસલ કારિયાના ૨૦ રન સાથે આ મેચ ૧૦ વિકેટે જીતી લીધી હતી. પહેલી મેચમાં અજય વછેતાને મેન ઓફ ધ મેચનો પુરસ્કાર લલિત પાડલિયાના હસ્તે અને બીજી મેચમાં મેન ઓફ ધ મેચનો પુરસ્કાર વિરેન્દ્ર સોલંકીને મોહનીશ પરમારના હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે સીપીએલની આગામી મેચો તા. ૨જી ફેબ્રુઆરીથી દરરોજ બે મેચના શિડ્યુલ સાથે રમાશે.






**બીએસએફ કેમ્પસમાં પ્રજાસત્તાક દિને કબડ્ડી-જિન્માસ્ટિક મેદાનનું ઉદ્‌ઘાટન**

પ્રજાસત્તાક દિને સીમા સુરક્ષા દળના ગાંધીનગર ખાતેના ગુજરાત ફ્રન્ટિયર યુનિટના હેડક્વાર્ટર્સ ખાતે આઈજી જી.એસ. મલિકના હસ્તે ધ્વજવંદન યોજાયુ હતુ. આ સાથે તેમણે કેમ્પસમાં નવનિર્મિત કબડ્ડીનું મેદાન અને જિન્માસ્ટિકના રોડનું ઉદ્‌ઘાટન કર્યુ હતુ તથા કેમ્પસ સ્થિત અંકુર પ્લે સ્કૂલની મુલાકાત લીધી હતી. કાર્યક્રમમાં શાળાના બાળકોએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રસ્તુત કર્યા હતા. જી.એસ. મલિકે આ પ્રસંગે કેમ્પસ સ્થિત હોસ્પિટલની પણ મુલાકાત લઈને દર્દીઓને ફળો તથા મિઠાઈની ભેટ આપી હતી. તેમણે પોતાના ઉદ્‌બોધનમાં બીએસએફના કર્મીઓ તેમજ પરિવારજનોને ગણતંત્ર દિવસની શુભેચ્છા પાઠવવા સાથે કોરોના કાળમાં જવાનોએ આપેલી મહામૂલી સેવાને બિરદાવી હતી.

# ખોરજ અદાણી શાંતિગ્રામની સામે ટ્રક આઈશર વચ્ચે અકસ્માત : બે ને ઈજા

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર-સરખેજ માર્ગ પર ખોરજ અદાણી શાંતિગ્રામની સામે ગતરોજ બપોરના સુમારે આઈશરને ટ્રક ચલાકે ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. જેમાં આઈશર ટ્રક માર્ગની બાજુમાં નીચે ઉતરી ગઈ હતી. જયારે અકસ્માતમાં આઈશરને આગળના ભાગે નુકશાન થતા આઈશર કંડકટર અને ચાલકને પતરુ કાંપીને જેસીબીની મદદથી ભારે જહેમત બાદ બહાર નીકાળ્યા હતા. ઈજાગ્રસ્તોને તાત્કાલીક સોલા અને ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ લઈ ગયા હતા. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ શરુ કરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ખોરજ અલ્ટ્રાટેક સિમેન્ટ ગોડાઉનમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા ભારતસિંહ ગંગાસિંહ રાજપુત(રહે. હુકુમસિંગની ચાલી રામચંદ્ર કોલોની સામે ચમનપુરા અસારવા) કન્ટેનર ડેપોથી કંપનીની આઈશર ટ્રક નં.જી.જે.૦૧.ડી.એકસ.-૪૭૬૦ માં સિમેન્ટ ભરીને કંડકટર દિનેશ પરિહાર સાથે ચાંદખેડા ઉતારવા માટે જતા હતા. ત્યારે બપોરના અઢી વાગ્યાના અરસામાં અદાણી કટની સામે હાઈ વે માર્ગ પર ટ્રક નં.જે.જે.૦૧.એ.વાય. ૮૩૨૨ના ચાલકે આઈશરને આગળના ભાગે અથડાવી હતી.જેથી આઈસર ટ્રક નીચે ઉતરી ગઈ હતી. ત્યારબાદ ટ્રક ચલાકે અન્ય એક ફોર વ્હીલ ગાડીને પણ ટક્કર મારી હોવાનું જાણળા મળ્યું હતું. આઈશરનો આગળનો ભાગ વળી જતા જેસીબી મશીનના મદદથી પતરુ કાંપી ભારે મહેનત બાદ બહાર નીકાળ્યા હતા. આ સમયે કંપનીના સુપરવાઈઝર આવી પહોચ્યા હતા. ઈજાગ્રસ્તોને તાત્કાલીક ૧૦૮ દ્વારા સારવાર માટે સોલા સિવિલ લઈ જવાયા હતા. ત્યારબાદ વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ ખસેડાયા હતા. જયાં પગના નળાના ભાગે ફ્રેકચર થયાનું જાણવા મળ્યું છે. જયારે કંડકટરને પણ શરીરે ઈજાઓ પહોંચતા સોલા સિવિલ ખાતે સારવાર હેઠળ છે.બનાવ અંગે આઈશર ચાલકે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# સેક્ટર-૧૬ આર-વર્લ્ડ પાસેથી સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી કરતા યુવકનું બાઈક ચોરાયું

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેરમાં બહેન-બનેવી સાથે રહીને સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી કરતા યુવકનું બાઈક સેક્ટર-૧૬ આર-વર્લ્ડ ના પાર્કીંગમાંથી મોડીસાંજે ચોરાયું છે. યુવક અને તેનો મિત્ર ભોજન કરીને પરત ફરતા પાર્ક કરેલી જગ્યાએ બાઈક ન હોવાથી આસપાસ શોધખોળ કરી હતી. પરંતુ બાઈક ન મળી આવતા આખરે યુવકે ફરીયાદ નોંધાવતા સેકટર-૨૧ પોલીસે રૂ.૧૦ હજારની કિંમતના બાઈક ચોરીનો ગુનો નોંધી બાઈકચોરને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

શહેરમાં ફરીવાર બાઈક ચોર ઈસમોએ માથુ ઉંચક્યું હોય તેમ લાગી રહ્યું છે. પાટનગરમાં ભરચક વિસ્તારમાંથી પલક છપકતા બાઈકની ઉઠાંતરી થવા પામે છે. એક તરફ પોલીસ બાઈક ચોરોને પકડવા માટે કમરકસી રહી છે. તો બીજીબાજુ ચોર ઈસમો બિન્દાસ્ત બાઈક ચોરીને અંજામ આપી સિફતપૂર્વક જતા રહે છે. ત્યારે અમદાવાદના મીઠાખળી ખાતે રહેતો પ્રફુલકુમાર પુંજાભાઈ પારઘી ગાંધીનગર ખાતે પોતાના બહેન બનેવી સાથે રહે છે અને સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી કરે છે. તે ગત તા.૨૪ ના રોજ અમદાવાદથી સેકટર-૩ એ ખાતે પોતાના મિત્ર ને મળવા માટે પોતાનું બાઈક હોન્ડા સાઈન નં.જી.જે.૩૫.એ.૯૩૬૯ લઈને આવ્યો હતો. ગાંધીનગરમાં મિત્ર સાથે રહ્યા બાદ સાંજના સમયે સેકટર-૧૬ આર-વર્લ્ડ ખાતે પાર્કિંગમાં બાઈક પાર્ક કરીને જમવા માટે ગયા હતા. પ્રફુલ જમીને બહાર આવીને જોયું તો પાર્ક કરેલી જગ્યા પર બાઈક ન હતું. જેથી આસપાસના વિસ્તારમાં શોધખોળ આદરી હતી, પરંતુ બાઈક મળી આવ્યું ન હતું. આખરે યુવકે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ આપતા પોલીસે રૂ.૧૦ હજારના બાઈક ચોરીનો ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

**શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ડીસા**

મુખ્ય કચેરી, સરદાર ભવન, હાઈવે, ડીસા (ફોન ૨૨૦૦૭૨)

**જાહેરાત**

આથી વિમાનું કામકાજ કરતી માન્ય કંપનીઓને જણાવવાનું કે, બજાર સમિતિ, ડીસાને ડીસા તાલુકાની પાંચથી સીતેર વર્ષ સુધીની તમામ જન સંખ્યા, ખેડૂતો અને તેઓના વારસદારો, કમિટીના કર્મચારીઓ, લાયસન્સદાર વેપારીઓ, તોલાટ, હમાલ, ગુમાસ્તા, ભોજનાલય કામદારો, રોજમદારો, સુરક્ષા કામદારો વિગેરે મળી કુલ ૩૨૭૮૧૩ વ્યકિતઓની રૂા.૧/- લાખની જનતા ગૃપ અકસ્માત વિમા પોલીસી તા.૧૮/૦૨/૨૦૨૧ થી એક વર્ષની મુદત સુધીની લેવાની હોઈ રસ ધરાવતી માન્ય કંપનીઓએ દર એક વ્યકિત દીઠ તમામ ટેક્ષ સહીત વિમા પ્રિમીયમના દર સહીતનું ભાવપત્રક તા.૦૫/૦૨/૨૦૨૧ સુધીમાં બજાર સમિતિ, ડીસાની મુખ્ય કચેરીએ મળી રહે તે રીતે મોકલવા વિનંતી છે.

॥ શરતો ॥


૧. શરતી ટેન્ડર રદબાતલ ગણાશે.
૨. વિમાના કાયદા સંબંધેના સરકારશ્રીના વખતોવખતના નિયમ બંધનકર્તા રહેશે.
૩. સદર પોલીસી સંબંધે બજાર સમિતિ, ડીસાએ નિયત કરેલ કરારની શરતોનું અઃક્ષરક્ષ પાલન કરવાનું રહેશે. (નિયત શરતો રૂબરૂ જોવા/વાંચવા મળી શકશે.)
૪. આવેલ કોઈપણ ટેન્ડર મંજુર કરવા કે નામંજુર કરવા તે સબંધેના તમામ હક્ક બજાર સમિતિ, ડીસાને અબાધિત રહેશે. તે અંગેના કોઈ જ કારણો આપવામાં આવશે નહીં.

અમૃતલાલ એન.જોષી, સેક્રેટરી — કરશનભાઈ એસ.પટેલ, વાઈસ ચેરમેન — માવજીભાઈ એમ.દેસાઈ, ચેરમેન

શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ડીસા

## હરિની દૃષ્ટિ...

\- હરિન ભટ્ટ



ના સાહેબ, હવે બજેટની બીક નથી લાગતી... પહેલા ધંધો હતો.. દૂકાન ચલાવતો હતો ત્યારની વાત અલગ છે...!!

**જાહેર નોટીસ**

બાયડના મે. એડીશનલ સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.બાયડ
અરજદારના વિ.વ. શ્રી એ. કે. પટેલ

ક્રિ.પ.અરજી નં.૯૮/૨૦૨૦ — આંક : ૦૫

**અરજદાર :** બચીબેન મંગાજી વણઝારા, રહે.તાલોદ, તા.બાયડ, જિ. અરવલ્લી.

વિરૂદ્ધ

**સામાવાળા :** જન્મ-મરણ નોંધણી અધિકારી શ્રી, તાલોદ ગ્રામ પંચાયત, મુ.તાલોદ, તા.બાયડ, જિ. અરવલ્લી.

**બાબત :** જન્મ-મરણ અધિનિયમ કલમ-૧૩(૩) મુજબ.

આથી લાગતા વળગતા તમામ ઈસમોને આ જાહેર નોટિસ પ્રસિદ્ધ કરી જાણ કરવામાં આવે છે કે, અત્રેની કોર્ટમાં અરજદાર વણઝારા બચીબેન મંગાજીનાએ તેમના દિયર લાલજીભાઈ ખોડાજી વણઝારાનું મરણ તા.૧૨-૦૫-૨૦૧૫ના રોજ તેમના ઘરે તાલોદ મુકામે થયેલ હોઈ તે અંગેની મરણની નોંધ કરાવવા માટે અને દાખલો મેળવવા માટે અરજી કરેલ છે. આથી આ બાબતે જે કોઈ ઈસમને વાંધો, હરકત કે હેલો હોય તેઓએ મુદત તા.૧૧-૦૨-૨૦૨૧ના રોજ અગર તે પહેલા અત્રેની કોર્ટમાં હાજર થઈ વાંધાઓ રજૂ કરવા. જો તેમ કરવામાં નહીં આવે તો સદર અરજી બાબતે આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તારીખ-૨૫ મી માહે જાન્યુઆરી સને.૨૦૨૧ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

તૈયાર કરનાર (આર. એસ. ગોસ્વામી) આસીસ્ટન્ટ — મુકાબલ કરનાર (પી. એમ. વાઘેલા) આસીસ્ટન્ટ — હુકમથી (સી.બી. દવે) રજીસ્ટ્રાર, પ્રિન્સીપાલ સિનિયર સિવિલ કોર્ટ, બાયડ